# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર**વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SANGHAVI ON GAU HATYA

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગૌ-હત્યા કરનારાઓ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિનો પુનરોચ્ચાર કર્યો છે.

તેમણે કહ્યું કે, છેલ્લા એક વર્ષમાં 18થી વધુ ગૌ-હત્યારાઓને 7 વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા અપાવવામાં આવી છે. સુરેન્દ્રનગરના દુધરેજ સ્થિત શ્રી વડવાળા મંદિર ધામ ખાતે યોજાયેલા 'હોળી મહોત્સવ'માં સહભાગી થતાં શ્રી સંઘવીએ જણાવ્યું, દુધરેજ ધામના વિકાસ માટે અગાઉ મંજૂર થયેલા સાડા ચાર કરોડ રૂપિયા ઉપરાંત, બીજા બે કરોડ રૂપિયા એમ કુલ સાડા છ કરોડના ખર્ચે વિકાસકામો કરવામાં આવશે. આ પ્રસંગે તેમણે શ્રી કનીરામ બાપુ અને લઘુ મહંત શ્રી નાગરદાસ બાપુના આશીર્વાદ પણ મેળવ્યા.

# BHAVNAGAR PRAVASI FASAYA

મધ્ય-પૂર્વ એશિયામાં યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે ભાવનગરના 15૬ લોકો મદીના શરીફમાં અને એક હજાર 350 લોકો દુબઈ તથા સાઉદીમાં ફસાયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, વૈશ્વિક પરિસ્થિતિના કારણે હવાઈ મુસાફરી ખોરવાતા ભાવનગરના અનેક લોકો દુબઈ, અબુધાબી અને બહેરીનમાં ફસાયા છે.

મદીના શરીફમાં ફસાયેલા ભાવનગરના યાત્રિક બિલાલ અજમેરીએ જણાવ્યું હતું કે, ભારત આવવા માટેની આજની તમામ ઉડાન રદ કરવામાં આવી છે. યાત્રિકો મર્યાદિત દિવસોના આયોજન અને બજેટ સાથે આવ્યા હોવાથી તેમની પાસે નાણા અને દવાનો જથ્થો ખૂટી રહ્યો છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ભાવનગરની ટ્રાવેલ એજન્સીના મેનેજર ઝહૂર જેજાએ પ્રધાનમંત્રી કાર્યાલય – PMO-ને ઇ-મેલ કરી અપીલ કરી છે કે, ઉમરાહ કરવા ગયેલા યાત્રિકો મધ્યમ વર્ગના હોવાથી તેમના માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવે.

# FAGAN MAHOTSAV OVERALL

આજે ચંદ્રગ્રહણ હોવાથી લોકો આવતીકાલે ધૂળેટીના પર્વની ઉજવણી કરશે. આ માટે રાજ્યભરના મંદિર અને ધાર્મિક સ્થાનમાં વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ભરૂચમાં અંકલેશ્વર સહિતના તાલુકામાં  ધૂળેટી ઉજવવા લોકો સજ્જ થયા છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ફાગણોત્સવ નિમિત્તે ડાકોરમાં દર્શન કર્યા. જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા મંગળા આરતી કરી ધ્વજારોહણ કરાયું. શ્રી સંઘવીએ પદયાત્રીઓની વ્યવસ્થા બદલ જિલ્લા વહીવટી તંત્રની પ્રશંસા કરી.

શક્તિપીઠ અંબાજી મંદિર ચંદ્રગ્રહણના કારણે સવારે મંગળા આરતી બાદ આઠ વાગ્યાથી માઈભક્તો માટે બંધ કરાયું છે. જોકે, ભક્તો નૃત્ય મંડપમાંથી દર્શન કરી શકે છે. હવે રાત્રે 9.30 વાગ્યે મંગળા આરતી થશે. તેમ અંબાજીના વહીવટદારે જણાવ્યું.

(BYTE: AMBAJI VAHIVATDAR)

મહેસાણાના ઊંઝા ખાતે માઁ ઉમિયાના મંદિરે પૂનમ નિમિત્તે મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા છે.

તો, બોટાદના સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે સંતોના સાંનિધ્યમાં ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી. હનુમાન દાદાની મૂર્તિને 51 હજાર કિલો પ્રાકૃતિક રંગ અને ફૂલોનો વિશેષ શણગાર પણ કરાયો છે.

વલસાડના ધરમપુર અને આસપાસના વિસ્તારમાં હોળી-ધૂળેટીની ઉજવણી કરવામાં આવી. અહીં મોટી હોળી અને કૂકડ હોળીની પરંપરા સાથે હોળી માતાની પૂજા નારિયેળ અને સિન્દુર અર્પણ કરવાની પરંપરા છે.

વલસાડમાં સૌથી મોટી અંદાજે 30 ફૂટ ઊંચાઈ અને 15 ફૂટ પહોળાઈ ધરાવતી હોળી આ વર્ષે પણ સમડી ચોક ખાતે પ્રગટાવવામાં આવી હતી.

યાત્રાધામ શામળાજી ખાતે રંગોત્સવની ઉજવણીમાં ભાગ લેવા વહેલી સવારથી જ ભક્તો પહોંચી રહ્યા છે. ભક્તો પર કુદરતી રંગોનો છંટકાવ કરાયો.

દ્વારકાધીશ મંદિરે પણ ફૂલડોલ મહોત્સવ ઉજવાયો, દ્વારકાધીશને આકર્ષક ફૂલોનો વિશેષ શણગાર કરાયો છે.

# POONAM SPECIAL TRAIN

વડોદરા અને ડાકોર વચ્ચે પૂનમ વિશેષ ટ્રેન દોડાવાઈ રહી છે. હોળી અને પૂનમ તહેવારોને ધ્યાનમાં રાખીને યાત્રીઓની ભીડ અને અસુવિધાઓને ઓછી કરવા માટે પશ્ચિમ રેલવે દ્વારા આજે અને આવતીકાલે વડોદરા અને ડાકોર વચ્ચે વાયા આણંદ થઈ વિશેષ ટ્રેન ચલાવવામાં આવી રહી છે.

આ ટ્રેન વડોદરાથી સવારે 10:40 કલાકે પ્રસ્થાન કરીને બપોરે 12:05 કલાકે ડાકોર પહોંચશે. પરતમાં આ ટ્રેન ડાકોરથી બપોરે 3:50 કલાકે પ્રસ્થાન કરીને સાંજે 05:10 કલાકે વડોદરા પહોંચશે. આ ટ્રેન બંને દિશાઓમાં આણંદ અને ઉમરેઠ સ્ટેશનો પર રોકાશે.

# RAJKOT KUVARJI

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી બાવળીયાએ આજે રાજકોટના આટકોટમાં 3 કરોડ રૂપિયાના ખર્ચે બનનારા નવા માર્ગ તેમજ 40 લાખના ખર્ચે બનનારા નવા પશુ દવાખાનાનું ખાતમુહૂર્ત કર્યું. આ તકે લોકોને સંબોધતા તેમણે  કહ્યું હતું કે, આટકોટથી ચીતલિયા સુધી નિર્માણ પામનારા આ નવા રસ્તાથી ગ્રામીણ વિસ્તારના લોકો માટે પરિવહન વધુ સરળ બનશે. જ્યારે નવા પશુ દવાખાનાનું નિર્માણ થતાં સ્થાનિક સ્તરે પશુપાલકો માટે પશુ આરોગ્યની સેવાઓ વધુ સુલભ બનશે.

# AHMEDABAD NAKLI NOTE

અમદાવાદના નરોડા પાસેથી 89 લાખ રૂપિયાના મૂલ્યની જૂની બનાવટી ચલણી નોટો સાથે બે શખ્સ ઝડપાયા છે. મળેલ બાતમીને આધારે પોલીસે તપાસ કરતા ગેલેક્ષી ચાર રસ્તા પાસે એક કારમાંથી ચાર શખ્સ બનાવટી ચલણી નોટ સાથે મળી આવ્યા જેમાંથી બે લોકોને પકડી પાડ્યા હતા જ્યારે અન્ય બે શખ્સ નાસી છૂટ્યા હતા. પોલીસ કારમાંથી જૂની 500ના દરની કુલ 9 હજાર 100 નોટ અને 1000ના દરની 4 હજાર 350 નોટ સહિત કુલ 90 લાખ 15 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# TAPI ISHWAR PATEL

પાણી-પુરવઠા રાજ્યમંત્રી ઇશ્વરસિંહ પટેલે તાપીમાં ઉદવહન સિંચાઈ યોજનાના પમ્પિંગ મથકની મુલાકાત લીધી. સોનગઢ તાલુકાના સાતકાશી ગામમાં આવેલી આ યોજના અંગે મંત્રીશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી માહિતી મળવી. આ યોજના થકી સેંકડો કિલોમીટરની જમીન ઉનાળા અને શિયાળા દરમિયાન હરિયાળી થશે. ઉનાળા અને શિયાળામાં ઊંડાણના ગામને સિંચાઈનું પાણી મળે તેમજ તેઓ બારેમાસ ખેતી કરી શકે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ યોજનાનું નિર્માણ કરાયું છે.

(BYTE: ISHWAR PATEL, STATE MINISTER)